૫ આઈકોનિક રોડ, ૧૦૦ ઇ-રીક્ષા, રિવરફ્રન્ટ ફેઝ, એએમસીનું રૂ. ૧૦,૮૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ

● અમદાવાદ, તા. ૩૧

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ નું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નર એમ. થેન્નારસન દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ૧૫.૬૫ કિમી લાંબી ખારીકટ કેનાલનું ડેવલપમેન્ટ કરાશે. તેમજ ૧૨૩૦ કરોડના ખર્ચે ખારીકટ કેનાલ ફેઝ-૨ નું કામ કરાશે. આમ પ આઈકોનિક રોડ, ૧૦૦ ઈ-રીક્ષા, રિવરફ્રન્ટ ફેઝ, સહિત રૂ. ૧૦,૮૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટમાં રેવન્યુ ખર્ચ ૫૩૦૦ કરોડ અને કેપિટલ ખર્ચ ૫૫૦૧ કરોડ રૂપિયા બતાવવામાં આવ્યા છે. આજે સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ કમિશનર એમ થેન્નારસને એએમસીનું આ બજેટને રજૂ કર્યું હતુ.

આ વખતના બજેટમાં પાંચ મહત્વની બાબત પર ધ્યાન રખાયું છે. વિકસિત અમદાવાદ ૨૦૪૭ ને ધ્યાને રાખી વિકાસ કરાશે, નેટ ઝીરો અને કાર્બન ન્યૂટ્રલને ધ્યાનમાં રાખીને બજેટ બનાવવામાં આવ્યુ છે. આ ઉપરાંત રેસિલીયન્ટ અને સસ્ટેનેબલ એનર્જી પર ભાર મુકવામાં આવ્યો છે. ઝીરો વેસ્ટ અને સરક્યુલર ઈકોનોમીને પ્રાધાન્ય અપાયું છે. વિલેબલ અને રેધ્યી સિટી બનાવવા પણ પણ ખુબ મોટો ભાર મુકાયો છે. ઈલેક્ટ્રિક વાહનો ઉપર ભાર મુકવા પણ એએમસીનો પ્લાન છે.ઈન્ટિગ્રા બિજલી નર્મદા કેનાલ રોડ સુધીનું કામ કરાશે. તેમજ ૧ હજાર કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ફેઝ-૩ નું કામ કરાશે. જ્યારે ૨૫૦ કિમીના રસ્તા રીઝોડ કરાશે. જ્યાર ૪૦ કિમીના માઈકો રિસરફેસિંગ કરાશે. તેમજ ૧૦૦ કિમીના ડસ્ટ ફ્રી રોડ મળી ૪૦૦ કિમી રોડ ૭૯૦ કરોડના ખર્ચે બનાવાશે. ૧૩૫ કરોડના ખર્ચે ૫ આઈકોનિક રોડ બનાવાશે. આઈકોનિક રોડમાં પાર્કિંગ, ગ્રીન બેલ્ટ સાથેનાં વોક-વે બનાવાશે. તેમજ સીટિંગ એરેજમેન્ટ, ઈવી ચાર્જિંગ સ્ટેશન સાથેની સુવિધા રખાશે. તેમજ લો ગાર્ડનની આજુબાજુના રોડ ડેવલપમેન્ટનું ૩૫ કરોડનાં કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. તો શહેરમાં પ્રવેશવાના ચારે તરફના રોડ પર ૧૫ કરોડના ખર્ચે એન્ટ્રીગેટ બનાવાશે.

તેમજ ઓલિમ્પિક-૨૦૨૬ને ધ્યાને લઈ ૫ કરોડના ખર્ચે સિટી માસ્ટર પ્લાન બનાવાશે. તેમજ ૪૫ કરોડના ખર્ચે વર્ષ દરમિયાન ટીપી સ્કીમમાં રોડ બનાવાશે. વિવિધ ટીપીમાં ૬૭ કિમીના રોડ ખોલવાનું અને રસ્તા બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ટીપી સ્કીમમાં હંસપુરા, ચિલોડા, ભાજજ, મકરબા સહિત સરખેજ, કઠવાડા, કમોડ, નિકોલ સાથેના નવા વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો છે.

૪ કૂટ ઓરવબ્રિજ પાછળ ૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. શહેરના ૧૮ તળાવ ક્યુટીફિકેશન માટે ૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ શહેરમાં ૭ ફૂડ પાર્ક બનાવવા માટે ૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તો જુદી જુદી જગ્યાએ ૨૧ વેજીટેબલ માર્કેટ બનાવવા ૨૧ કરોડની જોગવાઈ છે.

અમદાવાદમાં સિંધુભવન રોડ પર ૧૨૫ મીટર ઊંચુ ૧૨૫ કરોડના ખર્ચે સિટી સ્કેવર-૧ બનાવાશે

● અમદાવાદ, તા. ૩૧

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા આજે ૨૦૨૪-૨૫નું ૧૦૮૦૧ કરોડનું ડ્રાફ્ટ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં આગામી સમયમાં શહેરમાં નવા વિકાસકાર્યો અને શહેરીજનોને નવી શું સિવિયા મળશે એ અંગે જણાવ્યું હતું. આગામી સમયમાં અમદાવાદના સિંધુ ભવન રોડ પર ૧૨૫ કરોડના ખર્ચે સિટી સ્કવેર-૧ નું નિર્માણ કરવામાં આવશે.

સિંધુ ભવન રોડ પર બનનારા આ સિટી સ્કવેરની વિશેષતા જાણીએ તો ૧૨૫ મીટર ઉંચાઈનું કોર ટાવર હશે. ફૂડ કોર્ટ, સ્કાય લાઈટ્સ, એમ્ફી થિયેટર, સિટિંગ ડેક્સ, વોટર ફાઉન્ટેન, સેન્ટ્રલ કોર્ટ, પ્લાન્ટેશન હશે. આ સિટી સ્કેવર બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

ઉપરાંત આગામી સમયમાં પાંચ આઈકોનિક રોડ બનાવવામાં આવશે. જેમાં શાંતીપુરા ચોકડીથી સાણંદ ચોકડી થઈ કેલિપ સર્કલ રોડ, નરોડા મુક્તીધામથી દહેગામ જંક્શન, એસપી રીંગ રોડ કાકે દા ધાબા જંક્શન, પકવાન જંક્શનથી કેશવબાગ (જજીસ બંગ્લોઝ રોડ), એરપોર્ટ સર્કલથી ડફનાળા જંક્શનનો સમાવેશ કરાયો છે. આ આઈકોનિક રોડમાં પાર્કિંગ, ગ્રીન બેલ્ટ સાથેના વોક વે, સિટિંગ એરેજમેન્ટ, ઈલેક્ટ્રિક વ્હીકલનું ચાર્જિંગ ફેસિલિટી હશે.હેરિટેજ ડેવલપમેન્ટ અંતર્ગત અમદાવાદ શહેરમાં જુદીજુદી જગ્યાએ આવેલ હેરીટેજ સ્ટ્રક્ચર્સ / ઈમારતો વગેરે રીપેર અને રીસ્ટોરેશનની કામગીરી હાથ ધરાશે. મધ્યઝોનમાં આવેલ સરદાર બાગ નજીક ટુરીસ્ટ ઈન્ફરમેશન સેન્ટરની કામગીરી કરાશે. હેરીટેજ પોળ માટે હેરીટેજ ડિઝાસ્ટર પ્રિપેરેનેસ કીટનું કામ અને હેરીટેજ મકાનો માટે દેખરેખ, મંજૂરીઓ, અને ટ્રસ્ટની વિગતો માટે કોમ્પ્યુટરાઈઝ્ડ અને ઓનલાઈન કરવાનું કામ કરવામાં આવશે. આ માટે અંદાજીત ૨૦ કરોડ ખર્ચાશે.

ગુજરાત સરકાર અને શોભા રીયાલ્ટી, દુબઈ સાથે થયેલ એમ.ઓ.યુ. અંતર્ગત સાબરમતી રીવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન મારફતે અંદાજીત ૪.૫ કિ.મી. માં રીવર ફ્રન્ટ ફેઝ-૩ અંતર્ગત ઈન્દીરા બ્રીજથી નર્મદા મેઈન કેનાલ સુધી રીવરફ્રન્ટ વિકસાવવામાં આવશે. આ માટે અંદાજીત ૧ હજાર કરોડનો ખર્ચ કરાશે.

તદુપરાંત સાબરમતી નદીના પશ્ચિમ કાંઠે બાયોડાયવર્સીટી પાર્કમાં ૨૫ કરોડના ખર્ચે મેડીટેશન કમ યોગા સેન્ટર બનાવવામાં આવશે. સાબરમતી રીવરફ્રન્ટ પ્રોજેક્ટ વિસ્તારમાં ટાગોર હોલની પાછળ ૨૫ કરોડના ખર્ચે કલ્ચરલ/કન્વેન્શન/ બિઝનેસ સેન્ટર બનાવવામાં આવશે. ગાંધી બ્રીજથી નહેરુ બ્રીજની વચ્ચેના સ્ટ્રેચ તથા ગુજરી બજાર ખાતે વ્હીકલ પાર્કીંગ લોટ માટેનું આયોજન છે. નદીના પૂર્વ અને પશ્ચિમ કિનારે લોઅર પ્રોમનાડમાં ગ્રીન વોલનું નિર્માણ કરવામાં આવશે.

અમદાવાદ એરપોર્ટ પર બનાવટી પાસપોર્ટ સાથે એકની અટકાયત ઝડપાયેલો યુવક મહેસાણાના કડીના જુલાસણનો રહેવાસી

● અમદાવાદ, તા. ૩૧

અમદાવાદના સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ(એસવીપીઆઈ) પર ઈમિગ્રેશન ક્લિયરન્સ દરમિયાન મહેસાણા જિલ્લાનો પંકજ પટેલ બનાવટી પાસપોર્ટ સાથે ઝડપાયો હતો. બનાવ અંગે એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ઈમિગ્રેશન અધિકારી દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે. બનાવટી પાસપોર્ટ સાથે ઝડપાયેલા શખ્સની અટકાયત કરી પૂછપરછ સહિતની કાર્યવાહી હાથ ધરાઈ છે. સમગ્ર બનાવની તપાસ એસઓજીને સોંપાઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ગઈકાલે મોડી રાત્રે અમદાવાદના એસવીપીઆઈ એરપોર્ટ પર ઈમિગ્રેશન ઓફિસર નિલેશ સાળોખે ૬૨૭ પર હતા તે દરમિયાન કતાર એરેજ ક્વાઈટ નંગીઈ-૫૩૪ કતારથી અમદાવાદ આવી હતી. આ ફ્લાઈટના મુસાફરોના ઈમિગ્રેશન ક્લિયરન્સની કામગીરી કરવામાં આવી રહી હતી. એ વખતે રાત્રે ૨.૧૫ વાગ્યાની આસપાસ મહેસાણા જિલ્લાના કડી તાલુકાના જુલાસણના રહેવાસી પંકજકુમાર ધર્માભાઈ પટેલ ઈમિગ્રેશન ક્લિયરન્સ માટે આવ્યા હતા. તેમની પાસે ભારતીય પાસપોર્ટ હતો. જે તેમણે ઈન્ટરનેશનલ એરપોર્ટ ઈમિગ્રેશન કાઉન્ટર નં-૧ ટી-૨ ખાતે રજૂ કર્યો હતો. પંકજકુમાર પટેલનો પાસપોર્ટ ઈમિગ્રેશન સીસ્ટમમાં ચેક કરવામાં આવ્યો હતો. જેમાં પાસપોર્ટ બનાવટી હોવાનું ધ્યાને આવ્યું હતું. પકંજકુમારે જે પાસપોર્ટ દર્શાવ્યો હતો એ પાસપોર્ટ આંદમાનના પોર્ટ બ્લેરના શુભમ શ્યામલ મોન્ડલના નામે ઈસ્યૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. જેને લઈને નિલેશ સાળોખે દ્વારા અમદાવાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં બનાવટી પાસપોર્ટ રાખનાર પંકજકુમાર પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પંકજકુમાર પટેલની અટકાયત કરી વધુ પૂછપરછ હાલ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનાની તપાસ એસઓજીને સોંપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

૧૦ થી વધુ યોજનાઓમાં એક પણ રૂપિયો નહી ફાળવીને કેન્દ્ર સરકારે ગુજરાતને હળહળતો અન્યાય કર્યોઃ કોંગ્રેસ

● અમદાવાદ, તા. ૩૧

કેન્દ્ર સરકારે ગુજરાતને હળહળતો અન્યાય કર્યાનો કોંગ્રેસે આરોપ લગાવ્યો છે. ગુજરાતને ૧૦ થી વધુ યોજનાઓમાં એક પણ રૂપિયો ફાળવ્યો નથી. ગુજરાત કોંગ્રેસ પ્રવક્તા મનિષ દોશીએ નિવેદન આપતાં જણાવ્યું, ડબલ એન્જીનના ગાણાં ગાતી ભાજપા સરકારી ગુજરાતને થપ્પડ મારી છે. સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જવાબમાં અન્યાય થયો હોવાનું સ્પષ્ટ થયું છે. એસસી, એસટી,ઓબીસી સમાજના ઉત્થાનની યોજનાઓમાં બજેટ ફળવાતું નથી.વર્ષ ૨૦૨૦-૨૧માં ૩૦ કરોડની જોગવાઈ સામે માત્ર ૧૧ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. ૧૦ જેટલી યોજનાના માટે એક પણ રૂપિયાની ફાળવણી નથી કરાઈ. વિચરતી વિમુક્ત જાતીના કલ્યાણ માટે વર્ષ ૨૦૨૧-૨૨ માં ૪૦ કરોડની જોગવાઈ કરાઈ હતી. જે પૈકી ૧ ટકા થી પણ ઓછી રકમનો ખર્ચ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૮ કરોડની જોગવાઈ સામે માત્ર ૨.૩ કરોડનો ખર્ચ કર્યો. ભીલુડીકા પુનઃવસન માટે વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૦ કરોડ અને ૨૦૨૨-૨૩માં ૧૫ કરોડની જોગવાઈની સામે એક ટકાથી પણ ઓછી રકમનો ખર્ચ કરાયો. કેન્દ્રની ભાજપ સરકાર દ્વારા જુદી જુદી યોજનાઓ જે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને ઓબીસી સમાજના લોકોનાં સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાન માટે જરૂરી છે ત્યારે 'મોસાળે મા પીરસનારી હોય' તેમ છતાં ગુજરાતને યોજનાઓમાં એક પણ રૂપિયો ન આપીને કરવામાં અન્યાય કરવામાં આવ્યો છે તેમ કહ્યું હતું.

આજથી અમદાવાદ-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ ટ્રેન કાલુપુર સ્ટેશનના બદલે સાબરમતીથી ઓપરેટ થશે

● અમદાવાદ, તા. ૩૧

અમદાવાદ-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરી કરતા મુસાફરો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ૧ ફેબ્રુઆરીથી અમદાવાદ-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ ટ્રેનના ઓપરેટિંગ સ્ટેશનને લઈને ફેરફાર કરવામાં આવ્યો છે. ૧ ફેબ્રુઆરીથી અમદાવાદ-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ ટ્રેન કાલુપુર સ્ટેશનના બદલે સાબરમતીથી ઓપરેટ થશે.૧ ફેબ્રુઆરીથી ટ્રેન નંબર ૧૨૯૧૫ અમદાવાદ-દિલ્હી આશ્રમ એક્સપ્રેસ માટે સાબરમતી રેલવે સ્ટેશનથી ઉપડવાનો સમય ૧૯:૪૦નો રહેશે. જ્યારે દિલ્હી-અમદાવાદ આશ્રમ એક્સપ્રેસ ટ્રેન નંબર ૧૨૯૧૬ સાબરમતી સ્ટેશન પર સવારે ૫:૫૫ વાગ્યે આવશે અને ત્યાંથી આગળ વધશે નહીં. રેલવે પ્રશાસનના નવા નિર્ણય મુજબ ટ્રેન સાબરમતી સ્ટેશન પર સમાપ્ત થશે અને કાલુપુરના અમદાવાદ જંક્શન તરફ આગળ વધશે નહીં. મુસાફરો વધુ માહિતી માટે ઈન્ડિયન રેલ્વેની વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

ભારત સરકારને ભલામણ કરવા રાજ્ય સરકારે ટેકાના ભાવ નક્કી કર્યા

● અમદાવાદ, તા. ૩૧

ગાંધીનગર ખાતે કૃષિ મંત્રી રાઘવજી પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય કૃષિ ભાવપંચની બેઠક મળી હતી. વર્ષ ૨૦૨૪-૨૫ માટે ખરીફ પાકોના ટેકાના ભાવોની ભલામણ કરવા મળેલી આ બેઠકમાં અન્ન અને નાગરીક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા તેમજ કૃષિ રાજ્ય મંત્રી બચુભાઈ ખાબડ ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ખેડૂતોને તેમની ખેતપેદાશો અને ઉપજના પોષણક્ષમ ભાવ મળી રહે અને ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય તેવા હેતુસર ભારત સરકાર દ્વારા દર વર્ષે ટેકાના ભાવ જાહેર કરીને ખરીફ અને રવિ પાકોની ખરીદી કરવામાં આવે છે. ટેકાના ભાવની પોલિસી અંતર્ગત સમાવિષ્ટ ખરીફ પાકો પૈકી ગુજરાતના ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ અને કપાસ(લંબતારી) પાકના ભારત સરકાર દ્વારા આગામી વર્ષ માટે ટેકાના ભાવની દરખાસ્ત મંગાવવામાં આવી છે.

તેમણે ઉમેર્યું હતું કે, દર વર્ષે ખેડૂતો વાવેતર કરે તે અગાઉ જ ભારત સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવે છે, જેથી ખેડૂતો નિશ્ચિત થઈ વાવેતર કરી શકે. આજે મળેલી રાજ્ય કૃષિ ભાવપંચની બેઠકમાં પાકવાર ખેતી ખર્ચ, કૃષિ ઈનપુટના ભાવો બાબતે ખેડૂત પ્રતિનિધિઓ અને કૃષિ વિભાગના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. પુખ્ત વિચારણા અને નિષ્કાળો દ્વારા નક્કી કરાયેલા ભાવોને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૪-૨૫ માટે ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ અને કપાસ (લંબતારી) પાકના રાજ્ય કૃષિ ભાવપંચ દ્વારા ભલામણ કરવામા થતા ભાવ નક્કી કરવામાં આવ્યા છે, જે ભારત સરકારના કૃષિ ખર્ચ અને ભાવપંચને સમયસર માંકડી આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં ટેકાના ભાવ નક્કી કરવા માટે ડાંગર માટે રૂ. ૨૮૦૦ પ્રતિ ક્વિન્ટલ, બાજરી માટે રૂ. ૩૩૫૦ પ્રતિ ક્વિન્ટલ, જુવાર માટે રૂ. ૫૫૦૦ પ્રતિ ક્વિન્ટલ, મકાઈ માટે રૂ. ૪૫૦૦ પ્રતિ ક્વિન્ટલ, તુવેર માટે રૂ. ૯૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, મગ માટે રૂ. ૯૫૦૦ પ્રતિ ક્વિન્ટલ, અડદ માટે રૂ. ૯૨૫૦ પ્રતિ ક્વિન્ટલ, મગફળી માટે રૂ. ૮૦૦૦ પ્રતિ ક્વિન્ટલ, તલ માટે રૂ. ૧૧,૫૦૦ પ્રતિ ક્વિન્ટલ તેમજ કપાસ(લંબતારી) માટે રૂ. ૧૦,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરી સમયસર કેન્દ્ર સરકારને ભલામણ કરવામાં આવશે, તેમ મંત્રી પટેલે ઉમેર્યું હતું.

બીકે પંડ્યાની જામનગરના કલેક્ટર તરીકે નિમણૂંક

● અમદાવાદ, તા. ૩૧

ગુજરાત સરકાર દ્વારા આજે વધુ બે આઈએએસની બદલી કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જારી કરાયેલી યાદી અનુસાર આઈએએસ બીકે પંડ્યાને જામનગરના કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે ડૉ. હર્ષિત પી ગોસાવીની ગાંધીનગર ખાતે ગૃહવિભાગ (કાયદો અને વ્યવસ્થા)માં સંયુક્ત સચિવ તરીકે નિમણૂંક કરવામાં આવી છે.

જીપીએસસી વર્ષ ૨૦૨૪ માટે ભરતી કેલેન્ડર કર્યું જાહેર, ૧૬૨૫ જગ્યાઓ પર થશે ભરતી

● અમદાવાદ, તા. ૩૧:

જીપીએસસીએ ૨૦૨૪ાં વર્ષમાં ગુજરાતનાં સરકારી વિભાગમાં ભરતી અંગેનું કેલેન્ડર જાહેર કર્યું છે. માહિતી અનુસાર આ વર્ષે ૧૬૨૫ જગ્યાઓ માટે ભરતી જાહેર થઈ છે. આ આંકડો સંભવિત છે.આગળ જતાં તેમાં વધઘટ થઈ શકે છે.

ખાસ પદો પર નજર નાખતા જણાય છે કે મમદનીશ ઈજનેર વર્ગ-૨ ની ૯૯ જગ્યા, ગુજરાત ઈજનેરી સેવા વર્ગ-૧,૨ ની ૧૬ જગ્યા પર, રાજ્ય વેરા નીરીક્ષક વર્ગ ૩ ની ૫૭૩ જગ્યા માટે, વીમા તબીબી અધિકારી વર્ગ ૨ ની ૧૪૭ જગ્યા પર અને બાગાયત અધિકારી વર્ગ-૨ ની ૨૫ જગ્યા પર ભરતી કરાશે. વધુ માહિતી માટે ઉમેદવારોને આયોગની વેબસાઈટ રૅજ:// gpsc.gujarat.gov.in અને https://gpscojas.gujarat.gov.in જોતા રહેવા અથવા આયોગના Twitter Handle "@ GPSC_OFFICIAL" ને follow કરવા અથવા આયોગની એન્ડ્રોઇડ પ્લેટફોર્મ આધારિત મોબાઈલ એપ્લીકેશન "GPSC (Official)" નો ઉપયોગ કરવા ઉમેદવારોને જણાવવામાં આવે છે.

દાદાના રામરાજયમાં મંત્રીઓમને મળશે નવી ગાડીઓ !

● અમદાવાદ, તા.૩૧

આગામી સમયમાં યોજનારી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને મંત્રીમંડળના સભ્યો સહિત મુખ્ય દંડક, નાયબ દંડક અને દંડક માટે ૨૧ નવી ગાડી ખરીદવાનો સૈદ્ધાંતિક નિર્ણય આજે મળેલી મંત્રીમંડળની બેઠકમાં લેવામાં આવ્યો હોવાનું આધારભૂત સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે, આગામી માર્ચના ઉત્તરાર્ધમાં અર્થાત્ એપ્રિલ માસમાં યોજનારી લોકસભાની ચૂંટણીમાં ભાજપના મંત્રીમંડળના સભ્યો સહિત મુખ્યમંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકને પ્રચારઅર્થે ગામડાઓ ખુંદવાના હોય છે. હાલ જે વર્તમાન ગાડીઓ છે તે ખુબ જુની થઈ ગઈ છે અને તેમાં આરમથી જઈ શકાય તેમ નહીં હોવાથી મંત્રીઓની રજૂઆતને ધ્યાનમાં લઈને આગામી સમયમાં નવી ૨૧ ગાડીઓ ખરીદવાનો નિર્ણય લેવામાં આવ્યોં હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જો કે લોકસભાની ચૂંટણીની જાહેરાત થતાં જ આચારસંહિતા અમલમાં આવતા જ તમામ મંત્રીમંડળના સભ્યોએ પોતાની સરકારી ગાડીઓનો ઉપયોગ કરી શકશે નહીં પરંતુ આચારસંહિતા પૂર્ણ થયા બાદ આ નવી ગાડીઓનો મંત્રીમંડળના સભ્યો ઉપયોગ કરી શકશે. ૫.૧ મ માહિતી અનુસાર, મુખ્યમંત્રી ભૂપેન્ન પટેલ અને તેમના કાફલામાં હાલ કુલ મળીને ૮ ગાડીઓ ટોયેટાની કોર્ચુનર છે. એટલે સ્વાભાવિક રીતે મુખ્યમંત્રીને ફાળવવામાં આવેલી કાર કરતા થોડુંક નીચું મોડલ ફાળવવામાં આવે તેવી સંભાવના છે અને આ મોડેલ મહદઅંશે ઈનોવા આઈકોની ખરીદાય તેવી સંભાવના છે. કારણ કે તેમાં હાઈબ્રીડ એન્જિન છે, જેમાં ગાડીની એવરેજ પણ વધુ આવે છે. સાથે સાથે ૬૦ની સ્પીડ સુધી ગાડી હોય ત્યારે બેટરી પર ચાલે છે જેને લઈને પેટ્રોલ અથવા ડિઝલની બચત થાય છે.અને મંત્રીમંડળના સભ્યો સહિત દંડકો ટોયેટાની ઈનોવા ગાડી વાપરે છે, જે ખુબ જુની થઈ ગયા પામી છે. એટલું જ નહીં ઘણી ગાડીઓ ૧.૫ લાખથી લઈને ૨ લાખ કિ.મી. જેટલી ચાલેલી છે.

આજથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર , ૨ ફેબ્રુઆરીએ ગુજરાતનું બજેટ ૫ તારીખે રામ મંદીર પર ખાસ પ્રસ્તાવ લવાશે : મંત્રી ઋષિકેશ પટેલ

● અમદાવાદ, તા.૩૧

૧૫ મી વિધાનસભાનું બજેટ સત્ર આવતીકાલે તા.૧ લી ફેબ્રુઆરીથી શરૂ થવાનું છે. બજેટ સત્ર પહેલા રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતને આગળ લઈ જતું બજેટ રજૂ થશે. ગુજરાતના નાણા પ્રધાન કનુ દેસાઈ બીજી વખત તા. ૨ ફેબ્રુઆરીએ ૨૦૨૪-૨૫ ના વર્ષનું વાર્ષિક બજેટ રજૂ કરશે. બજેટમાં ગુજરાતની ભાવી બાબતો રજૂ થશે. તેમણે કહ્યું કે, બજેટ સત્રની શરૂઆત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત સંબોધનથી થશે. કરશે. ત્યારબાદ શોકદર્શક ઉલ્લેખો અને સરકારી વિધેયકો પૈકી મહેસુલનું બિલ રજૂ કરવામાં આવશે સરકારી કામકાજ બાદ રાજ્ય વિધાનસભામાં બજેટ સત્રના બીજા દિવસે બજેટ રજૂ કરવામાં આવશે. ૧ ફેબ્રુઆરીથી લઈ ૨૯ ફેબ્રુઆરી સુધી બજેટ સત્ર ચાલુ રહેશે. એક મહિના સુધી ચાલનાર બજેટ સત્ર દરમ્યાન ૨૬ બેઠકો યોજાશે. કામકાજ સલાહકાર સમિતિની મળેલી બેઠકમાં સર્વસંમતિથી શનિવારની બેઠકોને રદ કરવામાં આવી હતી અને આગળના દિવસોમાં બેન્ચે બેઠકો યોજવાનો નિર્ણય લેવાયો હતો. જેથી હવે ૪ દિવસ ડબલ બેઠક રહેશે.અયોધ્યામાં નિર્માણ થયેલ રામ મંદિર ખાતે દૂર દૂરથી લોકો દર્શન કરવા માટે જઈ રહ્યા છે. ત્યારે બજેટ સત્રમાં રામ મંદિર માટે એક અભિનંદન પ્રસ્તાવ લાવવાના છીએ. તા. ૫ ફેબ્રુઆરીએ રામમંદિરનો પ્રસ્તાવ સર્વસંમતિથી મુકવામાં આવશે. આ પ્રસ્તાવ રજૂ કરવા બાબતે સલાહકાર સમિતિમાં ચર્ચા કરવામાં આવી હતી. કામ કાજ સલાહકાર સમિતિમાં આખા મહિનાનું કામ કાજ નક્કી કરવામાં આવ્યું છે. જે સચાંનુમત નક્કી કરવામાં આવ્યું છે. આમાં વિપક્ષના સભ્યો પણ હાજર હતા અને તેમની પણ આ બાબતે સંમતિ હતી.

ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા ખાતે રમત ગમત વિકાસ અધિકારી ડું . ભીલ વિક્રમ સાહેબની ઉપસ્થિતિમાં યોજવામાં આવી

● સંખેડા, તા.૩૧

સંખેડા ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત ઉપક્રમે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી છોટા ઉદેપુર સંચાલિત જિલ્લા કક્ષાની પરંપરાગત સ્પર્ધા -૨૦૨૪ આજ રોજ ડી બી પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા ખાતે રમત ગમત વિકાસ અધિકારીશ્રી ડું . ભીલ વિક્રમ સાહેબની ઉપસ્થિતિમાં યોજવામાં આવી જેમાં બસો કરતા વધારે પ્રાથમિક વિભાગના બાળકોએ ખુબ ઉત્સાહ પૂર્વક પરંપરાગત રમતો લંગડી કૂદ, સતુડીવું, દોરડા કૂદ,અને માટી કુસ્તીની રમતમાં ભાગ લીધો હતો. મહાનુભવો દ્વારા દીપ પ્રાગટ્ય કરી તમામ મહાનુભવોનું પુષ્પ ગુચ્છ દ્વારા રમત ગમત વિકાસ અધિકારી શ્રી , ટેકનીકલ મેનેજર સોહિલ રાણા, છોટાઉદેપુર જિલ્લાના તમામ ટ્રેનર જેમને બાળકોમાં રહેલી પ્રતિભાશક્તિને બહાર લાવી ખેલકૂદમાં જિલ્લાનું નામ રોશન કર્યું છે તેવા તમામ નું સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી વિરાગ શાહ દ્વારા

તમામ પૌરાણિક રમતો જેવીકે ધંધા ગિલી ડંડા લખોટી આસપાસ દોરડા કૂદ સતોડીયું જેવી રમતો યાદ કરાવી આજના આ મોબાઈલ યુગમાં વિસરાઈ ગયેલી રમતો ફરીથી સૌ વિદ્યાર્થીઓ નિયમિત રમે અને પોતાના શરીરને તંદુરસ્ત રાખી મનને એકાગ્ર બનાવી આત્મવિશ્વાસ વધારી હાર જીતને ભુલીને શ્રેષ્ઠ પ્રદર્શન કરી પોતાના માતા પિતા તથા સમાજનું નામ રોશન કરે તેવી પ્રતિજ્ઞા લેવડાવી હતી શાળાના વ્યાયામ શિક્ષક મુકેશ પરમાર કુસ્તીકોચ અલ્પેશ બારોટ ખો ખો કોચ દશરથ પરમાર દ્વારા ખુબ સુંદર મંડપ તથા દરેક રમતના મેદાન તૈયાર કરી વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી સુંદર ભોજન કરાવું હતું ને બદલ આચાર્યશ્રી દ્વારા તમામને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા .

ગુજરાત પોલીસમાં મોટા પાયે ભરતી કરાશે

● અમદાવાદ, તા. ૩૧

ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ વિભાગ દ્વાર એફિડેવિટ કરવામાં આવ્યું છે. ત્યારે રાજ્ય સરકાર ટૂંક સમયમાં પોલીસ ભરતી બહાર પાડશે. આ સમગ્ર મામલે હાઈકોર્ટના ચીફ જજ સુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ સુઓમોટો અરજી સુનવણી હાથ ધરવામાં આવી હતી.પોલીસ બેડામાં ખાલી પડેલ જગ્યાઓ વિશે રજૂઆત કરવામાં આવી હતી. કોર્ટે ગુજરાતના ગૃહ ખાતામાં પદ હજાર જગ્યા ખાલી છે, જેમાં પોલીસ વિભાગમાં ૨૭ હજાર જગ્યા ખાલી છે તેવું કહેતા આખરે સરકાર જાગી છે. સરકારે ૨૭ હજાર ખાલી જગ્યા પર અડધાથી ઓછી ૧૨ હજાર જગ્યા ભરવા માટે કોર્ટમાં એફિડેવિટ કરી છે.

નોંધનીય છે કે પોલીસના મુદ્દાઓને લઈ હાઈકોર્ટે સુઓમોટો પિટિશન દાખલ થઈ હતી. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પોલીસ વિભાગને ઝડપી ભરતી કરવા આદેશ કર્યો હતો.

ઉત્તરવહી કૌભાંડ મામલે મોટા ખુલાસો, ૧૪ આરોપીની કરી ધરપકડ

● અમદાવાદ, તા. ૩૧

ગુજરાત યુનિવર્સિટી ઉત્તરવહીકાંડ મામલે ગુજરાત યુનિવર્સિટી પોલીસે મોટી કાર્યવાહી કરતા ૧૪ આરોપીની ધરપકડ કરી છે.આ મામલે અગાઉ મુખ્ય આરોપી સન્ની ચૌધરી અને સની સિંઘની પણ ધરપકડ થઈ